## જાહેરાત

**ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી ગાંધીનગર સંચાલિત શાળાઓ માટે માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયકની ભરતી જાહેરાત**

**ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ત્રીજો માળ, બિરસા મુંડા ભવન, સેકટર ૧૦/A, ગાંધીનગર**

---

ગુજરાત સરકાર આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી ગાંધીનગર દ્વારા સંચાલિત એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ અને મોડેલ શાળાઓમાં આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ નં. ઇ.એમ.આર.એસ./૧૦૨૦૧૬/૧૦૭૭/ધ, તા.૧૪/૧૨/૨૦૧૬ ની જોગવાઇ અન્વયે માધ્યમિક વિભાગમાં (ગુજરાતી માધ્યમ તથા ૧ અંગ્રેજી માધ્યમની શાળામાં) શિક્ષણ સહાયકની પસંદગી અંગેની ૮૯ જગ્યાઓ માટે નીચે જણાવેલ વિગતે પસંદગીના ધોરણે ભરવા પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ ૦૧/૦૬/૨૦૧૭ થી ૧૫/૦૬/૨૦૧૭ સુધી www.eklavya-education.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓનલાઇન અરજી કરવાની રહેશે. ભરવાપાત્ર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકની જગ્યાની વિગતો નીચે મુજબ છે.

**માધ્યમિક શાળાઓની અંદાજે કુલ ખાલી જગ્યાઓની જાતિવાર વિગત દર્શાવતું પત્રક**

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી બિન અનામત | કુલ જગ્યાઓ પૈકી અ.જા. | કુલ જગ્યાઓ પૈકી અ.જ.જા. | કુલ જગ્યાઓ પૈકી શ.શૈ.પ.વ. |
|---|---|---|---|---|
| ૨૧૯ | ૧૧૪ | ૧૫ | ૩૨ | ૫૮ |

**શૈક્ષણિક અને અન્ય લાયકાત:**

1. માન્ય યુનિવર્સિટી કે શૈક્ષણિક સંસ્થાના સંબંધિત વિષયની સ્નાતક અને બી.એડ.ની ડીગ્રી ધરાવતા હોવા જોઈએ.
2. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ,ગાંધીનગર દ્વારા લેવામાં આવતી ટીચર્સ એપ્ટીટ્યુડ ટેસ્ટ (TAT)ની પરીક્ષામાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ સાથે પાસ કરેલ હોવા જોઈએ (TAT)ની પરીક્ષાના મેળવેલ ગુણ પ્રથમ પરિણામની તારીખથી પાંચ વર્ષ સુધી જ માન્ય ગણાશે.
3. કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.
4. ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ

ઉપરોકત જગ્યાઓ પૈકી સરકારશ્રીના વખતો વખતના ઠરાવોની જોગવાઇઓ અન્વયે મહિલા અનામત જગ્યાઓની ભરતી કરવામાં આવશે. ઉપરોકત જગ્યાઓ પૈકી માજી સૈનિકો માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રહેશે. તદ્દપરાંત માજી સૈનિકની જગ્યાઓ ન ભરાય તો આ જગ્યાઓ ઉપરોકત જે તે કેટેગરી વાઇઝ ભરવામાં આવશે.

ઉપરોકત જગ્યાઓ પૈકી પર્સનસ વીથ ડીસએબીલીટી એકટના સેકશન ૩૪ મુજબ શારિરીક રીતે અશકતતા ધરવતા ઉમેદવારથી ભરવાની રહેશે. આ પ્રકારની કેટેગરીના વિકલાંગ ઉમેદવાર ના મળે તો અન્ય કેટેગરીના વિકલાંગ ઉમેદવારથી જગ્યા ભરી શકાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૪ માં આપવામાં આવેલ TAT ની પરીક્ષા યોજવા અંગેની જાહેરાતના અનુસંધાને લેવાયેલ પરીક્ષામાં ઉતીર્ણ થયેલ ઉમેદવારો અરજી કરી શકશે.

હાલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૪ માં આપવામાં આવેલ TAT પરીક્ષા યોજવા અંગેના જાહેરનામા અનુસંધાને લેવાયેલ પરીક્ષા ધ્યાને લઇ ભરતીની કાર્યવાહી કરવામાં આવશે. ઉપરોકત નિયમ અનુસાર ભરવાપાત્ર અનામત ખાલી જગ્યાઓની વિષયવાર/કેટેગરી વાઇઝ ઉપલબ્ધ જગ્યાઓની વિશેષ વિગતો વેબસાઇટ ઉપર રજુ કરેલ છે. ઉમેદવારોએ નિયત ફી પોસ્ટ ઓફીસની કોઇપણ શાખામાં વેબસાઇટ પર જણાવવામાં આવેલ સુચનાઓ અનુસરીને તા. ૦૧/૦૬/૨૦૧૭ થી ભરવાની રહેશે. શિ.વિ.ના તા.૨૪/૦૧/૨૦૧૭ ના પત્રથી સરકારી માધ્યમિક વિભાગમાં મહત્તમ વય મર્યાદા ૩૭ વર્ષ કરવામાં આવેલ છે. અનામત કક્ષાના ઉમેદવારો માટે નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છૂટ છાટ આપવામાં આવશે.

**કાર્યપાલક નિયામક**
**ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી**
**ગાંધીનગર**